For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

VMCના ૧૪ કૃત્રિમ તળાવોમાં વિસર્જનની વ્યવસ્થા, પોલીસ-CRPFનો બંદોબસ્ત

૧૨ દિ'ની ભક્તિ બાદ આજે બાપ્પાની વિદાય

ઢોલ-નગારાના નાદ વચ્ચે વિઘ્નહર્તાને ભાવુક વિદાય અપાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.૨૪

સંસ્કારી નગરી વડોદરામાં ૧૨ દિવસના ગણેશોત્સવ બાદ આવતીકાલે તા.૨૫ સપ્ટેમ્બરે અનંત ચતુર્દશીના પાવન દિવસે ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. પંચાંગ મુજબ ભાદરવા સુદ ચતુર્દશી તિથિ ૨૪ સપ્ટેમ્બરે રાત્રે ૧૧:૧૮ વાગ્યે શરૂ થઈ ૨૫ સપ્ટેમ્બરે રાત્રે ૧૧:૦૬ વાગ્યે પૂર્ણ થશે. ઉદયાતિથિના નિયમ મુજબ મુખ્ય વિસર્જન પર્વ ૨૫ સપ્ટેમ્બરે ઉજવાશે.

શુભ મુહૂર્ત

સવારે: ૬:૧૧ વાગ્યાથી ૧૦:૪૨ વાગ્યા સુધી

બપોરે : ૧૨:૧૩ વાગ્યાથી ૧:૪૩ વાગ્યા સુધી

સાંજે : ૪:૪૪ વાગ્યાથી ૬:૧૪ વાગ્યા સુધી

રાત્રે : ૯:૧૪ વાગ્યાથી ૧૦:૪૩ વાગ્યા સુધી

શહેરમાં આ વર્ષે પંચાંગના વિશેષ સંયોગને કારણે ગણેશોત્સવ ૧૦ને બદલે ૧૨ દિવસ સુધી યોજાયો હતો. હવે ભાવુક માહોલ વચ્ચે વિઘ્નહર્તાને વિદાય આપવા માટે શહેર તંત્ર સજ્જ બન્યું છે. વડોદરામાં ૨૫૦૦થી વધુ સાર્વજનિક પંડાલો ઉપરાંત ઘરોમાં સ્થાપિત ગણેશજીની મૂર્તિઓના સલામત વિસર્જન માટે મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે.

પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને નવલખી ઉત્તરાંગ તળાવ, આજવા રોડ, હરણી રોડ અને ગોતરી સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૧૪ કૃત્રિમ તળાવ તૈયાર કરાયા છે. જેમાં પાલિકા દ્વારા ૧૧, હરણીકુંડ ખાતે એક અને એનજીઓ તથા યુવક મંડળોના સહયોગથી બે કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે. માત્ર નવલખી ખાતે જ ૩૫૦થી વધુ મૂર્તિઓના વિસર્જનની શક્યતા છે.

તમામ વિસર્જન સ્થળોએ ફેન્સિંગ, ફ્લડ લાઈટ, ભારે ક્રેન અને તરાપાની વ્યવસ્થા કરાઈ છે. સાથે ફાયર બ્રિગેડ, તાલીમબદ્ધ તરવૈયાઓ અને મેડિકલ સ્ટાફ તૈનાત રહેશે. ગણેશ વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અને CRPFનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

કૃત્રિમ તળાવ અને જળકુંડ તૈયાર, વિસર્જન માટે તંત્ર સજ્જ

વડોદરા શહેરમાં શ્રીજીની મૂર્તિઓના સલામત અને પર્યાવરણમૈત્રી વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવ અને જળકુંડ તૈયાર કરાયા છે. નવલખી, આજવા રોડ, હરણી રોડ અને ગોતરી સહિતના સ્થળોએ ફેન્સિંગ, ફ્લડલાઇટ, ક્રેન, તરવૈયા, ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમ સહિતની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૫ હજારથી વધુ પોલીસકર્મીઓનો બંદોબસ્ત, ડ્રોન-CCTVથી નજર

(પ્રતિનિધિ) વડોદરા તા.24

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૩ હજારથી વધુ પોલીસકર્મીઓ ફરજ બજાવશે. જેમાં 1 જોઈન્ટ પોલીસ કમિશનર, 12 DCP, 22થી વધુ ACP સહિતના અધિકારીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત બહારથી ૪ DCP, ૧૦ ACP અને 275 PI-PSI સહિત આશરે ૬૦૦ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને બોલાવવામાં આવ્યા છે. સુરક્ષા માટે SRPFની ૪ કંપની, CISF અને RAFની એક-એક કંપની તૈનાત રહેશે. કોઈ આપત્તિ સર્જાય તો ફાયર બ્રિગેડ અને NDRFની ટીમોને પણ એલર્ટ રાખવામાં આવી છે. વિસર્જન યાત્રાઓ પર CCTV, ડ્રોન, બોડી-વોર્ન કેમેરા અને GPSથી નજર રાખવામાં આવશે. સોશિયલ મીડિયા પર અફવા કે ભડકાઉ માહિતી ફેલાવનારાઓ સામે સાયબર પોલીસ સતત પેટ્રોલિંગ કરશે. ડીપ પોઈન્ટ અને ધાબા પોઈન્ટ પરથી પણ પોલીસ બાજ નજર રાખશે.

પોલીસ બંદોબસ્ત

JCP	01
DCP	12
ACP	22
PI	92
PSI	183
ASI/HC/PC	2600
ટ્રાફિક પોલીસ	383
TRB	800
હોમ ગાર્ડ	3400
SRP	04 કંપની
SAF	01 કંપની
CISF	01 કંપની
RAF	02 કંપની
BSF	01 કંપની

વિવિધ માર્ગો પર નો-પાર્કિંગ, જરૂરિયાત મુજબ ડાયવર્ઝન

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. 25 સપ્ટેમ્બરે શહેરના વિવિધ કૃત્રિમ તળાવો ખાતે વિસર્જન યોજાનાર હોવાથી ભીડ અને ટ્રાફિકનું ભારણ ન વધે તે માટે અનેક માર્ગો પર નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થા વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

ગોરવા, નવલખી, બીલ ગામ, SSV-2, માંજલપુર, તરસાલી, મકરપુરા, કિશનવાડી, લેપ્રેસી ગ્રાઉન્ડ, હરણી-સમા અને હરણી સ્કલ્પચર પાર્ક સહિતના સ્થળોએ મૂર્તિઓનું વિસર્જન થશે. નવલખી તરફ લહેરીપુરા દરવાજા, સાયના સિનેમા, વીર ભગતસિંહ ચોક, માર્કેટ ચાર રસ્તા, કિર્તિસ્તંભ અને રાજમહેલગેટ સહિતના માર્ગો પર પાર્કિંગ પ્રતિબંધિત રહેશે.

ગોરવા વિસ્તારમાં ઈલોરાપાર્ક રોડ સહિતના માર્ગો તેમજ માંજલપુર, તરસાલી અને મકરપુરા વિસ્તારમાં પણ નો-પાર્કિંગ રહેશે. કિશનવાડીમાં ગધેડા માર્કેટ ચાર રસ્તાથી દાવડાનગર સુધી તથા લેપ્રેસી ગ્રાઉન્ડ તરફના માર્ગો પર પણ વાહન પાર્ક કરી શકાશે નહીં. હરણી સ્કલ્પચર પાર્ક અને હરણી-સમા તળાવ તરફના માર્ગો પર પણ બંને બાજુ પાર્કિંગ પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત પાણીગેટ, માંડવી, ચોખંડી અને ફતેપુરા વિસ્તાર પણ નો-પાર્કિંગ ઝોન રહેશે. 25 સપ્ટેમ્બરે સવારે 9 વાગ્યાથી વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી જરૂરિયાત મુજબ ટ્રાફિક ડાયવર્ઝન કરાશે. GSRTC બસો અને ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઇ સહિતનો સ્ટાફ ઊંઘતો ઝડપાયો

સોમાતળાવ વિસ્તારમા SMCનો દરોડો રૂ.૮.૬૦ લાખના દારૂના જથ્થા સાથે ૨ ઝડપાયા

બુટલેગર સંદીપ પુઠ્ઠો સહિત ત્રણ આરોપીઓ વોન્ટેડ

દારૂનો જથ્થા અને કાર સહિત રૂ.૧૭.૧૫ લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ની કાર્યવાહી યથાવત છે. SMCની ટીમે કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં સોમાતળાવ ચાર રસ્તા નજીક દરોડો પાડી રૂ.8.60 લાખની કિંમતનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ, વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ.17.15 લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે લીસ્ટેડ બુટલેગર સહિત ત્રણને વોન્ટેડ જાહેર કરાયા છે.

PSI વી.એન. જાડેજાની ટીમને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન વિદેશી દારૂ-બિયરની આશરે 51 પેટી અને 1,744 બોટલ મળી આવી હતી. તેની કિંમત રૂ.8.60 લાખ હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત એક વાહન અને બે મોબાઈલ સહિત

કુલ રૂ.17.15 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

પોલીસે સ્થળ પરથી બંશીલાલ ભુરસીંગ રાઠવા (રહે. ઘોઘાદેવ, છોટાઉદેપુર) અને સુમીત ભાઈલાલભાઈ બારૈયા (રહે. મહાનગર, જયનારાયણનગર-2, વડોદરા)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે લીસ્ટેડ બુટલેગર સંદીપ ઉર્ફે પુઠો રાજુ રાજપૂત, આતીષ વિનોદભાઈ ઠાકોર તથા દારૂનો જથ્થો મોકલનાર મળી ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. SMCએ કાર્યવાહી કરી મુદ્દામાલ કબજે કર્યા બાદ આરોપીઓ અને દારૂ સહિતનો મુદ્દામાલ કપુરાઈ પોલીસને સોંપ્યો હતો. નોંધનીય છે કે SMCની આ કાર્યવાહી દરમિયાન સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઊઠ્યા છે.

નાગરવાડામાં રાત્રે ૧થી ૨ વાગ્યા સુધી અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાનો દાવો

આંગણવાડીની આસપાસ રાત્રે દારૂનો ધમધમાટ, મહિલા કર્મચારીના આક્ષેપો

૩૦ ભૂલકાંઓ વચ્ચે ગંદકી અને કીચડથી આરોગ્યનું જોખમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

સંસ્કારી નગરી વડોદરાના નાગરવાડા વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા અને વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરતો કિસ્સો સામે આવ્યો છે. અહીં આવેલી આંગણવાડીની મહિલા કર્મચારીએ પરિસરની આસપાસ ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂનું વેચાણ થતું હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે. પોલીસની કામગીરી સામે પણ તેમણે સવાલો ઉઠાવી રૂપિયા લઈને જતી હોવાનો દાવો કર્યો છે.

મહિલા કર્મચારીના જણાવ્યા મુજબ, આંગણવાડી જેવી સંવેદનશીલ જગ્યાની આસપાસ અસામાજિક તત્વોનો અડ્ડો

જામ્યો છે. બપોરે આંગણવાડી બંધ થયા બાદ અસામાજિક પ્રવૃત્તિઓ શરૂ થઈ જાય છે અને રાત્રે 1થી 2 વાગ્યા સુધી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. પોલીસ વાન આવે છે, રૂપિયા લઈને જતી રહે છે અને ત્યારબાદ સ્થિતિ યથાવત રહેતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેના કારણે સ્થાનિક મહિલાઓ અને રહીશોમાં અસલામતીની લાગણી જોવા મળી રહી છે.

બીજી તરફ આંગણવાડીની બહાર ગંદકી અને કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. અહીં આશરે 30 જેટલા ભૂલકાંઓ અભ્યાસ અને પોષણ માટે આવે છે. પરંતુ પ્રવેશદ્વાર પર જ કીચડ અને ગંદકી હોવાથી બાળકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતાં બાળકોના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે.

સ્થાનિકોએ આંગણવાડી આસપાસની અસામાજિક પ્રવૃત્તિઓ તેમજ ગંદકી-કીચડની સમસ્યા દૂર કરવા તંત્ર સમક્ષ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ બાળકો માટે સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ ઊભું કરવા જવાબદાર વિભાગો દ્વારા યોગ્ય પગલાં ભરવાની માગ ઉઠી છે.

સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનાર પાલિકા કચેરી નજીકની બે દુકાનો સીલ

ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે મનપાની કાર્યવાહી : વારંવારની ચેતવણી છતાં ગંદકી રાખતા વેપારીઓ સામે કડક પગલાં

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં સ્વચ્છતા જાળવવા મહાનગરપાલિકાએ કડક કાર્યવાહી શરૂ કરી છે. સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનાર અને વારંવારની ચેતવણી છતાં ગંદકી દૂર ન કરનાર વેપારીઓ સામે મનપાએ લાલ આંખ કરી છે. ઉત્તર ઝોનમાં બે દુકાનોને સીલ કરી દેવામાં આવતા બેદરકાર વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, ઉત્તર ઝોનના વોર્ડ નં.13 હેઠળ ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે મનપાની આરોગ્ય અને દબાણ શાખા દ્વારા ચેકિંગ હાથ ધરાયું હતું. દરમિયાન એક સ્ટેશનરીની દુકાન અને એક ફૂલની દુકાન આસપાસ ભારે ગંદકી જોવા મળી હતી. બંને

દુકાનદારોને અગાઉ મૌખિક તેમજ લેખિતમાં સફાઈ જાળવવા અને ગંદકી ન ફેલાવવા સૂચના આપવામાં આવી હોવા છતાં નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

આથી મનપાની ટીમે બંને દુકાનોને સ્થળ પર જ સીલ કરી કાર્યવાહી કરી હતી. ઉત્તર ઝોનના આસિસ્ટન્ટ કમિશનર રિતેશ સોલંકીએ જણાવ્યું હતું કે, શહેરને સ્વચ્છ રાખવા મનપા પ્રતિબદ્ધ છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે બાંધછોડ નહીં કરવામાં આવે. સીલિંગ બાદ પણ નિયમોનું પાલન નહીં થાય તો સીલનો સમયગાળો લંબાવવાની ચેતવણી પણ આપવામાં આવી છે. મનપાની કાર્યવાહીથી અન્ય વેપારીઓ પણ સ્વચ્છતા જાળવે તેવી અપેક્ષા છે.

વાદળો વચ્ચે ગરમીના પ્રમાણમાં વધારો, તાપમાન ૩૬.૧ ડિગ્રીએ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગ મુજબ શહેરમાં મહત્તમ તાપમાન 36.1 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2.3 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 27 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2 ડિગ્રી વધુ છે. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી.

શહેરમાં સવારે ભેજનું પ્રમાણ 77 ટકા અને સાંજે 56 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. 25 સપ્ટેમ્બરે હળવા વરસાદની શક્યતા છે. જ્યારે 26થી 28 સપ્ટેમ્બર દરમિયાન વરસાદ સાથે ગાજવીજ અને ધૂળની ડમરીઓ ઉડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 29 અને 30 સપ્ટેમ્બરે સામાન્ય વાદળછાયું વાતાવરણ રહેશે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન 33થી 36 અને લઘુત્તમ 25થી 27 ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. હાલ કોઈ ચેતવણી જાહેર કરાઈ નથી.

આગામી દિવસોમાં બદલી-સસ્પેન્શનની ગાજ ત્રાટકશે

પાલિકામાં લાલિયાવાડી નહીં ચાલે: ૧૧ બેદરકાર અધિકારીઓને કમિશનરનું આખરી અલ્ટીમેટમ

કામમાં બેદરકારી બદલ ૮ અને યુનિફોર્મ ન પહેરવા બદલ 2 અધિકારીઓને નોટિસ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકામાં ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે મ્યુનિસિપલ કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. રોડ, ગટર અને એન્જિનિયરિંગ વિભાગના કામોમાં ક્ષતિ તથા શિસ્તભંગ બદલ કુલ 11 અધિકારીઓને કારણ દર્શાવો નોટિસ ફટકારવામાં આવતા પાલિકા તંત્રમાં ખળભળાટ મચ્યો છે. કમિશનરે કામગીરીમાં સુધારો નહીં આવે તો અધિકારીઓની અન્યત્ર બદલીથી લઈને સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ-રસ્તા, ગટર લાઈન સહિતના એન્જિનિયરિંગ કામો ચાલી રહ્યા છે. આ પ્રજાલક્ષી કામગીરી દરમિયાન ગુણવત્તા જાળવવામાં બેદરકારી, કામોની યોગ્ય ચકાસણી નહીં કરવી અને ફિલ્ડ કામગીરીમાં ગંભીર ક્ષતિઓ હોવાની બાબતો કમિશનરના ધ્યાન પર આવી હતી. સાથે જ ઓફિસ તથા ફિલ્ડ શિસ્તનું યોગ્ય પાલન ન થતું હોવાનું પણ સામે આવ્યું હતું.

આ મામલે કુલ 11 અધિકારીઓને કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે. તેમાંથી 8 અધિકારીઓને પોતાના વિસ્તારમાં રોડ, ગટર અને અન્ય એન્જિનિયરિંગ કામોમાં યોગ્ય દેખરેખ નહીં રાખવા તથા કામની ચકાસણીમાં બેદરકારી બદલ જવાબ માંગવામાં આવ્યો છે. જ્યારે 3 અધિકારીઓને ફરજ દરમિયાન નિયત યુનિફોર્મ નહીં પહેરવા બદલ નોટિસ ફટકારવામાં આવી છે. કમિશનરે તમામ અધિકારીઓને નોટિસનો સ્પષ્ટ ખુલાસો રજૂ કરવા અને કામગીરીમાં તાત્કાલિક સુધારો લાવવા આદેશ કર્યો છે. સાથે જ વિભાગીય વડાઓને પણ પોતાના તાબાના કર્મચારીઓની કામગીરી અને શિસ્ત પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. કામગીરીમાં સુધારો નહીં થાય તો કડક વહીવટી પગલાં લેવાની ચેતવણીથી પાલિકા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

માત્ર બે દિવસ પહેલાં રિવ્યુ બેઠક દરમિયાન બે અધિકારીઓ યુનિફોર્મ વગર પહોંચ્યા હતા. કમિશનરે બંનેને ફરજ દરમિયાન નિયત ડ્રેસકોડનું પાલન કરવા ટકોર કરી 'યુનિફોર્મ પહેરીને પરત આવો' કહી ઘરે મોકલી દીધા હતા. અગાઉ પણ વિવિધ વિભાગોના અધિકારીઓને કામગીરી અને શિસ્ત સુધારવા ચેતવણીઓ અપાઈ હતી. તેમ છતાં બેદરકારીની ઘટનાઓ સામે આવતા હવે એકસાથે 11 અધિકારીઓને નોટિસ આપી કડક સંદેશ આપવામાં આવ્યો છે.

પાઠ્ય પુસ્તકોની અછત મુદ્દે શાસન અધિકારીએ તપાસના આદેશ આપ્યા

બેદરકારી ધ્યાનમાં આવશે તો જવાબદાર આચાર્ય સામે પગલાં લેવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પુસ્તકોની ગંભીર અછત સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. શાળા શરૂ થયાને ચાર મહિનાથી વધુ સમય વીતી ગયો છે અને પહેલું સત્ર પૂર્ણ થવાની અણી પર છે, છતાં અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓ સુધી પુસ્તકો પહોંચ્યા નથી.

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની દસથી વધુ શાળાઓમાં પુસ્તકોની સંખ્યા અપૂરતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તંત્રની બેદરકારીને કારણે બાળકો હજી પણ પુસ્તકો વગર ભણવા મજબૂર બન્યા હોવાનો દાવો વાલીઓ કરી રહ્યા છે.

સમગ્ર મામલે વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીએ તપાસના આદેશ આપ્યા છે. જે શાળાઓમાં પુસ્તકો પહોંચ્યા નથી ત્યાં તાત્કાલિક ધોરણે પુસ્તકો પહોંચાડવા સૂચના આપવામાં આવી છે. આ સાથે શાળાના આચાર્યોએ પુસ્તકોની અછત અંગે અગાઉ શિક્ષણ સમિતિમાં રજૂઆત કરી હતી કે કેમ, તેની પણ તપાસ કરવામાં આવશે. આ અંગે શાસનાધિકારી ડો. વિપુલ ભરતિયાએ જણાવ્યું હતું કે, આચાર્યોની રીવ્યુ મીટીંગ થાય છે, આ મીટીંગમાં એજન્ડા મિનિટ બધું લખાય છે. કોઈ જગ્યાએ એમની કોઈ રજૂઆત આવી હોય કે લેબ્સ કેમ થયું છે, તેની પણ તપાસ કરીશું. ઘણી વખત અગાઉના પુસ્તકો સ્ટોરેજમાં પડ્યા હોય તો પણ બાળકોને વ્યવસ્થા કરી આપવી જ જોઈએ. પુસ્તક વગર બાળક તો રહે જ નહીં. છતાં પણ જો કોઈ બેદરકારી ધ્યાનમાં આવશે તો જવાબદાર આચાર્ય સામે પગલાં લેવામાં આવશે અને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ધોરણ ૧૦ના ૬૧ અને ધોરણ ૧૨ના ૭૯ વિષયોના પેપર બહાર પડાયા

CBSE બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે સેમ્પલ પેપર જાહેર : વિદ્યાર્થીઓને મદદરૂપ થશે

અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમમાં ગત વર્ષની જ વ્યવસ્થા યથાવત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27ની ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બોર્ડ દ્વારા બંને ધોરણના વિદ્યાર્થીઓ માટે વિષયવાર સેમ્પલ ક્વેશ્ચન પેપર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પોતાના વિષય પ્રમાણે આ સેમ્પલ પેપરનો અભ્યાસ કરી આગામી બોર્ડ પરીક્ષાની તૈયારી કરી શકશે.

પ્રાપ્ત માહિતી મુજબ, CBSE દ્વારા ધોરણ 10 માટે કુલ 61 વિષયોના સેમ્પલ પેપર અને ધોરણ 12 માટે કુલ 79 વિષયોના સેમ્પલ પેપર જાહેર



કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાના વિષયના સેમ્પલ પેપર ડાઉનલોડ કરી શકશે. સેમ્પલ પેપરની સાથે દરેક વિષયની અસેસમેન્ટ સ્કીમ અને માર્કિંગ સ્કીમ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેના આધારે વિદ્યાર્થીઓને પ્રશ્નવાર ગુણના વિતરણ અંગે સ્પષ્ટતા મળી રહેશે.

શિક્ષણવિદોના જણાવ્યા મુજબ, બોર્ડ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સેમ્પલ પેપર મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સેમ્પલ પેપર ઉકેલવાથી પરીક્ષાનું માળખું, પ્રશ્નોના પ્રકાર, ગુણનું વિતરણ અને સમય મર્યાદા અંગે સમજ મેળવી શકાય છે. ઘરે પરીક્ષાના સમય પ્રમાણે પેપર ઉકેલવાથી ટાઈમ મેનેજમેન્ટમાં પણ સુધારો કરી શકાય છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ સેમ્પલ પેપરના આધારે પોતાની તૈયારીનું મૂલ્યાંકન કરી નબળા વિષયો કે પ્રકરણો પર વધુ ધ્યાન આપી શકશે. CBSE મુજબ વર્ષ 2027ની બોર્ડ પરીક્ષા માટે અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમમાં કોઈ નવો ફેરફાર કરવામાં આવ્યો નથી. ગત વર્ષ 2026માં અમલમાં રહેલી વ્યવસ્થા જ ચાલુ રાખવામાં આવશે. વિદ્યાર્થીઓએ સેમ્પલ પેપર માત્ર વાંચવા કરતાં પરીક્ષાના નિર્ધારિત સમય મુજબ જાતે ઉકેલવા જોઈએ. ત્યારબાદ માર્કિંગ સ્કીમના આધારે જવાબો ચકાસવાથી ભૂલો જાણી શકાશે અને તૈયારી વધુ અસરકારક બનાવી શકાશે.

પંખો રિપેર કરતી વખતે માથા પર પડ્યો, સારવાર દરમિયાન યુવકનું મોત

ધારના 30 વર્ષીય યુવકને ગંભીર ઈજા બાદ વડોદરા ખસેડાયો

સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત, પરિવારમાં શોક

(પ્રતિનિધિ) વડોદરા તા.24

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં ઘરમાં સીલીંગ ફેન રિપેર કરવાનું કામ એક યુવક માટે જીવલેણ સાબિત થયું હતું. દહી ગામમાં પંખો રિપેર કરતી વખતે અચાનક પંખો માથા પર પડતાં 30 વર્ષીય યુવકને ગંભીર ઈજા થઈ હતી. વધુ સારવાર માટે તેને વડોદરા ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

ધાર જિલ્લાના ઉપસી તાલુકાના દહી ગામના હનુમાન મહોલ્લામાં રહેતા સલમાન શરીફખાન પઠાણ ગત 18મી તારીખે સાંજે આશરે 7 વાગ્યે પોતાના ઘરમાં બંધ પડેલો સીલીંગ ફેન જાતે રિપેર કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ભારે પંખો છટકીને તેમના માથા પર પડતાં ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત બાદ પરિવારજનો દ્વારા સલમાનને તાત્કાલિક બળવાની ગામની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જોકે, માથામાં ગંભીર ઈજા હોવાથી તબીબોની સલાહથી તેમને વધુ સારવાર માટે વડોદરા લાવવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલમાં તબીબોએ સારવારના પ્રયાસો કર્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. યુવકના અચાનક મોતથી પરિવારમાં શોક છવાયો હતો. બનાવ અંગે દહી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં પણ શોકની લાગણી ફેલાઈ હતી. પરિવારજનોએ યુવકના અકાળે અવસાનથી ભારે આઘાત અનુભવ્યો હતો અને શોક વ્યક્ત કર્યો હતો.

કદમનગર અને રામનગર સોસાયટીમાં ૬૦ થી ૭૦ વાંદરાઓનું ઝૂંડ ખૂંખાર બન્યું

સમા વિસ્તારમાં વાંદરાઓનો આતંક, ઘરના ઓટલે બેઠેલાં વૃદ્ધા પર હુમલો, ૨૦ ટાકા આવ્યા

અત્યાર સુધીમાં ૧૨ થી વધુ લોકોને બનાવ્યા શિકાર, તંત્રની ઉદાસીનતા સામે લોકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

વડોદરા શહેરના ઉત્તર વિસ્તારમાં આવેલા સમા વિસ્તારની કદમનગર અને રામનગર સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસોથી વાંદરાઓના ટોળાએ ભારે આતંક મચાવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ 60થી 70 જેટલા વાંદરાઓનું ઝૂંડ વિસ્તારમાં ફરી રહ્યું હોવાથી લોકોમાં ભયનો માહોલ છે. અત્યાર સુધીમાં 12થી વધુ લોકો પર વાંદરાઓએ હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ફરિયાદો સામે આવી છે.

તાજેતરમાં રામનગર સોસાયટીમાં રહેતા મંજુલાબેન મફતલાલ પટેલ

ઘરના ઓટલા પર બેઠા હતા ત્યારે અચાનક વાંદરાએ તેમના પર હુમલો કર્યો હતો. વાંદરાએ પગ સહિત શરીરના ત્રણ ભાગે બચકાં ભરતાં તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. સ્થાનિકોએ લાકડી અને સાવરણીની મદદથી વાંદરાને દૂર કરી તેમને છોડાવ્યા હતા. ત્યારબાદ સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ઈજાના કારણે આશરે 20 ટાંકા લેવા પડ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ પણ આ વિસ્તારમાં 10થી 12 હુમલાની ઘટનાઓ બની ચૂકી છે. સોસાયટી નજીકના ગાર્ડન અને આસપાસના વિસ્તારમાં વાંદરાઓનો અડ્ડો જામ્યો છે. સાથે જ રખડતા શ્વાન અને ઢોરના ત્રાસથી બાળકો તથા વૃદ્ધો માટે અવરજવર જોખમી બની છે. બે દિવસ અગાઉ એક બાળકને શ્વાને બચકું ભર્યું હતું.

રહેવાસીઓએ અગાઉ વન વિભાગ અને તંત્રને લેખિત રજૂઆતો કરી હોવા છતાં કાયમી ઉકેલ આવ્યો નથી. પાંજરા મૂકવા જેવા પ્રયાસો થયા હોવા છતાં સમસ્યા યથાવત છે. નાગરિકોએ તાત્કાલિક નક્કર કાર્યવાહી કરી વધુ ગંભીર ઘટનાને અટકાવવાની માંગ કરી છે.